**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**

**www.novatek.net.in**

# શ્રી ગણેશ ચતુર્થી
## ભાદરવા સુદ ચોથ....

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

ગણપતિ તો મંગલ દેવતા છે. જેને ઉમાપુત્ર, ગજાનન, વિનાયક, ગણેશ, એકદંત, વક્રદંત, લંબોદર વગેરે અનેક નામોથી તેમના ભક્તો તેમને પૂજે છે. તેઓ ભગવાન શંકરના ગણોના મુખ્ય અધિપતિ છે, તેથી તેમને ગણપતિ કે ગણેશ કહેવામાં આવે છે. પંચદેવની ઉપાસનામાં જેમનું આગવું સ્થાન છે. એવા ગણેશજી વિઘ્નરૂપી અંધકારને દૂર કરે છે. જેને પાર્વતી અને ગંગાજી બે માતાઓ છે, જે ચાર ભુજાવાળા છે, જેને સૂંઢ સાથે પાંચ હાથ છે, સપ્તપર્ણાના વૃક્ષની સુગંધી જેના મદમાં રહેલી છે. જેમનું શરીર માનવનું છે અને જેમનું મુખ હાથીનું છે. એવા અલૌક્કિ મોટા પેટવાળા દેવ છે. વિશ્વના કોઈપણ ખૂણે વસતો ભારતીય કોઈપણ મંગળ કાર્યના પ્રારંભે પૂજતા હોય, એવા એકમાત્ર સર્વમંગલ કરનાર દેવતા એટલે શ્રી ગણેશ.

રિદ્ધિ-સિદ્ધિ બે શક્તિ તેમની પત્નીઓ છે અને શુભ-લાભ તેમના પુત્રો છે. તેમનું મુખ હાથીનું છે તે મંગલરૂપ ગણાય છે અને મોટું પેટ તે આનંદસૂચક છે. ગણપતિના બાહ્યસ્વરૂપનું વર્ણન કરીએ તો તેમની ઝીણી આંખ સૂક્ષ્મતા ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે. તેમના મોટા કાન જે કોઈ બોલે તે ગણકારવું નહીં અને સારું કાર્ય કરવું, મોટું પેટ કોઈની વાત બીજાને કહેવી નહીં, જેને સ્થિતપ્રજ્ઞતા કહી શકાય અને દુ:ખદર્દની વાતો પચાવી જવાનું રહસ્ય બતાવે છે. સાથે વિશાળ મસ્તક બુદ્ધિનું શ્રોત છે. નાના પગ કોઈપણ કાર્યમાં ઉતાવળ ન કરતા, તે કાર્યને ધીમે ધીમે પણ સચોટ રીતે કરવાનું સૂચવે છે. મોટી સૂંઢ તેમનું તત્વવેત્તા તરીકેનું દૂરદર્શીપણું સૂચવે છે. જેમના દાંત પણ સુંદરતાનું પ્રતીક છે. નાનકડું અને ચંચળ વાહન ઉંદર એ ઈન્દ્રિયોના પ્રતીકરૂપે સમજીએ તો ગણપતિ સંયમના દેવતા થઈ તેની ઉપર અંકુશ રાખનાર બની રહે છે.

ગણપતિજીને ચાર હાથ છે, જેમાં અંકુશ, પાશ, મોદક અને આશિર્વાદ છે. અંકુશ મન ઉપર સંયમ રાખવાનું, પાશ ઈન્દ્રિયો - અંતઃકરણને શિક્ષા કરવાનું, મોદક આનંદ કરાવવાનું અને આશિર્વાદ સર્વનું ક્ષેમ થવાનું સૂચવે છે. આમ, સમાજ માટે ગણપતિ તત્ત્વના, બુદ્ધિના, રિદ્ધિના અને સિદ્ધિના દેવતા તરીકે દરેકની આસ્થામાં પ્રથમ સ્થાન ભોગવે છે.

એકવાર શિવ-પાર્વતી અંતઃપુરમાં હોવાથી ગણેશજીને દ્વારની ચોકી કરવા રાખ્યા હતા. એટલામાં ત્યાં પરશુરામજી આવ્યા. તેમને અંદર જતા ગણેશજીએ રોક્યા. બંન્નેનું યુદ્ધ થયું. આ યુદ્ધમાં પરશુરામની ફરસી વાગવાથી ગણેશજીનો એક દાતં તૂટી ગયો અને તે ફરીથી કદી ઊગ્યો જ નહિ. તેથી તેઓને એકદંત પણ કહેવાય છે. દ્રાવિડ દેશની માન્યતા પ્રમાણે જ્યારે ખેતર ખેડવા માટે હળનો વિકાસ થયો ન હતો, ત્યારે સૌ પ્રથમ ગણેશજીએ જ પોતાના એક દાંતનો હળ કરીકે ઉપયોગ કર્યો હતો.

બીજા પ્રસંગોમાં મહાદેવ શંકર, રાવણ અને ગજાસુર સાથે યુદ્ધ કરતાં ગણેશજીનો દાંત તૂટી ગયો છે એવો પણ ઉલ્લેખ મળે છે.

એક લૌક્કિ પુરાણ કથા એવી છે કે, ભગવાન શંકરની ગેરહાજરીમાં પાર્વતીજીએ પોતાની શક્તિના પ્રભાવે શરીર પર કરેલ ચંદનના લેપના ઉબટનમાંથી એક પુત્ર ઉત્પન્ન કર્યો. તેનું નામ વિનાયક, વિનાયક માતાની સેવામાં સદેવ રહેતા. એક સમયે પાર્વતીજીએ સ્નાન પૂર્વે વિનાયકને ઘરમાં કોઈ પ્રવેશ ન પામે તે માટે દ્વાર પાસે ઊભા રહેવાનું કહ્યું. તે સમયે અચાનક પાર્વતી પતિ ભગવાન શંકર પધાર્યા. વિનાયક પિતાને ઓળખે નહિ અને પિતા વિનાયકને ઓળખે નહિં. વિનાયકે શંકરને ઘરમાં પ્રવેશ કરતા અટકાવ્યા. પિતા-પુત્ર વચ્ચે યુદ્ધ થયું અને યુદ્ધમાં શંકરે પુત્રનું માથું ધડથી જુદું કરી નાંખ્યું. સ્નાન કરીને બહાર આવતા પાર્વતીજીએ આ જોયું અને શોકમાં ગરકાવ થઈ ગયા. શિવજીએ સામેથી આવતા હાથીનું મસ્તક વિનાયકના ધડ પર બેસાડી




નયનાબેન પંકજકુમાર મોદી ના જે જે શ્રી ગોકુલેશ

વિનાયકને જીવિત કર્યા. ત્યારથી વિનાયક ગજાનનની બન્યા. હાથીનું મસ્તક હોઈ પુત્રની મશ્કરી કે ઉપેક્ષા ન કરે તે હેતુથી માતા-પિતાએ વરદાન આપ્યું કે ગજાનની પૂજા કર્યા વિના કોઈપણ મંગળ કાર્ય સફળ નહિ થઈ શકે.

આર્યમંડળમાં સામેલ થનારા સૌથી છેલ્લા દેવતા શ્રી ગજાનન જ છે. વિશ્વની જેટલી પણ સારી વસ્તુઓ, ગણ તથા પશુ-પક્ષી વગેરે વાહન અનેકાનેક દેવ-દેવીઓમાં વહેંચી દેવામાં આવ્યા હતા. જેમ કે લક્ષ્મીજીને ધન અને આસનમાં કમળ મળ્યું. ઈન્દ્રને સ્વર્ગાસન તથા વાહનમાં હાથી મળ્યાં. સરસ્વતીને વિદ્યા તથા વાહનમાં હંસ, વિષ્ણુ સૃષ્ટિના પાલનકર્તા બન્યા તથા વાહન ગરુડ બન્યું વગેરે. આમ, જ્યારે ગણેશજીને દેવપદ આપવાનું હતું ત્યારે ભગવાન શિવજીને મૂંઝવણ થઈ કે તેમને કયું વાહન અને કયો વિભાગ આપવો. ખેતીને સૌથી વધુ નુકશાન જો કોઈ કરતું હોય તો તે ઉંદર છે, તેથી ઉંદરને ભગવાન ગણેશજીનું વાહન બનાવી દેવામાં આવ્યો. સંસ્કૃતિમાં ઉંદરને મૂષક કહે છે, જે શબ્દનો બીજો અર્થ ચોર થાય છે અને ત્રણે લોકમાં જેટલા પણ અનિષ્ટ અથવા ઉપેક્ષિત જીવો છે જેવા કે રાક્ષસ, ભૂત-પ્રેત, અપંગ પ્રાણીઓ જેમ કે અંધ, લૂલાં, પંગુ, કાળા, કૂબડાં, અસહાય, દરિદ્ર, ભિક્ષુક, શુદ્ર વગેરે દરેક ગણના અધિપતિ તરીકે ગણેશજીની નિમણૂંક કરવામાં આવી. આ પછી તેમને ગણપતિ, ગણેશ, ગણાધિપતિ તથા ગણદેવતા વગેરે નામથી પૂજવામાં આવે છે. જગતમાં દુઃખી અને અસહાય નરનારીઓની સંખ્યા ઘણી વધારે હોવાથી ગણ શબ્દ, જે પ્રારંભમાં માત્ર વિઘ્નકારકોને માટે જ પ્રયોજવામાં આવતો હતો, તે કાળાંતરે સામાન્ય જનગણ માટે પણ ઉપયોગમાં લેવામાં આવ્યો અને એ રીતે જનગણોના દેવતા બની ગયા.

યુગ પ્રમાણે ગણપતિજીને દસ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હોય છે, એવો પણ ઉલ્લેખ જોવા મળે છે. દસ ભુજ ગણએશનું વાહન સિંહ, ષડ ભુજ ગણેશનું વાહન મયૂર, ચાર ભુજ ગણેશનું વાહન અશ્વ કહેવાય છે. ગણેશજીએ સિંદુર નામે દૈત્યને હણેલો ત્યારથી 'સિંદુરવદન' પણ કહેવાય છે.

ગણેશજીનું મસ્તક હાથી હોવાથી તે ગજાનન, પેટ લાંબુ હોવાથી લંબોદર, કાન લાંબા હાથી જેવા હોવાથી ગજકર્ણ, બેડોળ શરીરને કારણે વિકટ તથા કપાળ ઉપર ચંદ્રમાં ધારણ કરતા હોવાથી ભાલચંદ્ર કહેવાયા. પુરાણોમાં ગણેશજીના બાર નામ મળે છે, પરંતુ મુદ્રલ પુરાણમાં બત્રીસ અને શારદાતિલકમાં એકાવન નામ જણાવ્યા છે. માતા પાર્વતી તેમની દ્વિદેહક-નર અને હાથી એવા બે શરીરવાળા કહેતા અને ભગવાન શિવ તેમને ગણાધ્યક્ષ કહેતા. બાળગણેશ, નૃત્તગણેશ, ઉચ્છિષ્ટ ગણેશ, વક્રતુંડ વગેરે નામ વિવિધ ક્રિયાકલાપ ઉપર આધારિત છે. છઠ્ઠી શતાબ્દીમાં રચાયેલા કહેવાતા અમરકોષમાં ગણેશજીના જે બાર નામ આપવામાં આવ્યા છે તેમાં એક નામ બિલકુલ અજાણ્યું છે. તે નામ છે દૈમાતર. એટલે કે જેને બે માતાઓ છે. ગણેશજીને બે માતાઓ હતી. એક તો માતા પાર્વતી કે જેમણે ગણેશજીને જન્મ આપ્યો અને બીજી માતા તે માલિની રાક્ષસી કે જેણે ગણેશજીનું પાલન પોષણ કર્યું હતું.

ભાદરવા સુદ ચોથના દિવસે પાર્વતી ગણેશજીનું પાર્થિવપણે પૂજન કરતા હતા. એવામાં ગણપતિ સચેતન થયા ને સિંધુ નામે દૈત્યને માર્યો, ત્યારથી આ ચોથનો મહિમા ચાલ્યો આવે છે.

સૌ પ્રથમ ગણેશ ચતુર્થીનું વ્રત ચંદ્રએ કર્યું હતું. પુરાણની એક કથા અનુસાર ગણેશજી ગણનાથ તરીકે પ્રસિદ્ધ થયા અને બ્રહ્માને આશિષ આપી ચંદ્રલોક પાસે થઈ આગળ વધી રહ્યા હતા. ત્યારે ગણેશજીનું વિચિત્રરૂપ જોઈ રૂપ-ગર્વિષ્ટ ચંદ્રે મશ્કરી કરી. ત્યારે ગણેશજીએ ચંદ્રને શ્રાપ આપ્યો,'જા, તું તારા મદનું ફળ પામ. જે કોઈ પ્રમાદથી તારું દર્શન કરશે, તે મિથ્યા અભિશાપનો ભોગ બનશે....' પછી ચંદ્રએ ઘણી વિનંતી કરી કે મને આ શાપમાં મુક્તિ કરો. ગણેશજીએ ગણેશ ચતુર્થીનું વ્રત કરાવી તેને શાપ મુક્ત કર્યો. ગર્વનું ખરાબ પરિણામ જાણી નમ્રભાવે વર્તવાનો આ ઉત્સવનો મર્મ સ્કંદ પુરાણમાં વર્ણવ્યો છે.

ભગવાન શ્રી કૃષ્ણ પણ સ્વયંતક મણિની ચોરીનો મિથ્યા અભિશાપ લાગવાથી ગણેશવ્રત કરી શાપ મુક્ત થયા હતા.

# શેઠ ભગવાનદાસ નરોત્તમદાસ સેનેટોરિયમ ટ્રસ્ટ

## નાસિક નજીક દેવલાલી મુકામે એક શાંત, રમણીય સુખ-શાંતિનું હરિયાળી અને પ્રદૂષણ મુક્ત સંસ્થા

શહેરી પ્રદૂષણયુક્ત ધાંધલથી છૂટવા આજનો નાગરિક સાત દિવસ અથવા પંદર દિવસ અગર એક માસ માટે હવાફેર અર્થે પ્રવાસ કરવા પ્રેરાય છે. લગભગ એકસો વર્ષ પહેલા આપણાં દીર્ઘદ્રષ્ટા વડીલોએ માનવના સ્વાસ્થ્યના લાભનો વિચાર કરીને દેવલાલીમાં છ એકરની વિશાળ જગ્યા ખરીદીને લીમડા, નિલગીરી વગેરેના અનેક વૃક્ષોથી હરીભરી આચ્છાદિત ધરતીને અગિયાર બંગલાથી વિભૂષિત કરી. હાલમાં આ સ્વતંત્ર બંગલાઓને નૂતન ઢબથી સમારકામ કરાવીને સુશોભિત એટેચ બાથરૂમવાળા બે બેડરૂમની વ્યવસ્થા કરાવી છે. ઉપરાંત ટી.વી, ફ્રિજ, ગીઝર, એરકન્ડિશન, એરકુલર, ઇન્વર્ટરની સગવડ પણ મળી રહે છે. ચોવીસ કલાક પાણીની વ્યવસ્થાનો અનન્ય લાભ પણ ખરો જ. ટૂંકમાં શહેરી સુખ-સગવડોને ટક્કર મારે તેવા સંપૂર્ણ સજ્જ બંગલાઓમાં રસોઈની વ્યવસ્થા માટે પણ સગવડ રાખી છે. ઉપરાંત ઘેર બેઠાં ટિફિન પહોંચાડવામાં આવે તેવી સુવિધા કરી શકાય.







આધુનિક સુવિધાઓ સાથેની અમારી સેનેટોરિયમ, વિશ્વનાં શ્રેષ્ઠ વરસાદના કુદરતી આરોગ્ય રીસોર્ટ દેવલાલીની મુલાકાત લઈને મહત્તમ લાભ લો.

શેઠ ભગવાનદાસ નરોત્તમદાસ સેનેટોરિયમથી લગભગ સાતેક મિનિટના અંતરે શાક માર્કેટ અને બજાર આવેલી છે. બસ સ્ટેન્ડ (ટર્મિનલ) ચાલીને સુખપૂર્વક પહોંચી શકાય. રેલવે સ્ટેશન જવા માટે ઓટો રિક્ષામાં પાંચ મિનિટનો સમય લાગે છે.

તો ચાલો... સર્વસાધારણ નાગરિકના ગજવાને પરવડે તેવા આર્થિક ધોરણો જાળવતા
આ સેનેટોરિયમને આપ આપની ઉપસ્થિતિથી ઉપકૃત કરો.
એકવાર અમારા મહેમાન બનો તો બીજે જવાનું મન નહીં થાય... નહીં થાય... નહીં થાય.



**મુંબઈ સરનામું**

૩૩/૩૫, વી. પી. રોડ, સી. પી. ટેન્ક
રામ બાગ, મુંબઈ ૪૦૦ ૦૦૪



ઓફિસઃ ૦૨૨-૨૩૮૨૩૯૭૦/ મો.: ૭૦૨૧૧૮૩૪૧૦

**દેવલાલીનું સરનામું**

૪૬-૫૩, લામ રોડ, દેવલાલી કેમ્પ, પો.
દેવલાલી, જી. નાસિક રોડ - ૪૨૨ ૪૦૧,
ફોનઃ ૦૨૫૩-૨૪૯૨૩૬૭
(મેનેજર - શ્રી સુરેન્દ્રભાઈ ભટ્ટ)

એવી પણ એક પૌરાણિક આખ્યાયિકા છે. તે પ્રમાણે આ વ્રત દેશભરમાં ઉમંગપૂર્વક આજે પણ ઉજવાય છે.

ગણેશપૂજનમાં દુર્વા ખાસ મહત્વની છે. દૂ-એટલે દૂર અને અવમ્ એટલે નજીક લાવે તે. દૂર રહેલા ગણેશને ભક્તો નજીક લાવે તે દૂર્વા છે. ચારે યુગમાં તેમના ચાર અવતારોનું ભવિષ્ય પુરાણમાં વર્ણન છે. સતયુગમાં કશ્યપ અને અદિતિના ઘરે તેમનો જન્મ થયો અને તે અવતારમાં તેઓએ દેવાન્તક અને નરાન્તક રાક્ષસોને મારી નાખીને ધર્મપરિત્રાન કર્યું. ત્રેતાયુગમાં ઉમાના પેટે ભાદરવા સુદ ચોથે ગણેશના નામે જન્મ લીધો. આ અવતારમાં તેઓએ સિંધુ દૈત્યનો નાશ કર્યો અને બ્રહ્મદેવની કન્યાઓ સિદ્ધિ અને બુદ્ધિ સાથે વિવાહ કર્યા. દ્વાપરયુગમાં ફરી પાર્વતીના પેટે જન્મ લીધો પણ જન્મથી કદરૂપા હોવાથી તેમને વનમાં મૂકી દીધા અને પરાશરમુનિએ તેમનો ઉછેર કર્યો. આ ગણેશે સિંદુરાસુરનો વધ કરી તેણે બંદી બનાવેલ અનેક રાજાઓને મુક્ત કર્યા. આ જ અવતારમાં ગણેશે વરેણ્ય નામના પોતાના ભક્તને ગણેશગીતાના રૂપમાં શાશ્વત તત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. કળયુગમાં ધૂમકેતુ અથવા ધૂમ્રવર્ણ નામનો ગણપતિનો ચોથો અવતાર થવાનો છે અને તેઓ દુર્જનોનો નાશ કરવાના છે એવું ભવિષ્યપુરાણમાં વર્ણન છે. ભાદરવા સુદ ચોથના દિવસે તેમની પૂજા-ઉપાસન ઘરે ઘરે જોવા મળે છે. ખાસ કરીને દક્ષિણ અને મહારાષ્ટ્રમાં તેમની ઉપાસના ખૂબ ધામધૂમથી થાય છે, તેને ગણેશ ચતુર્થી પણ કહે છે. આ દિવસે હવે તો દેશભરમાં ગણેશજીનું સ્થાપન કરીને દસ દિવસ તેમની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

આ પર્વના બીજે દિવસે એટલે કે ભાદરવા સુદ પાંચમને જેને'ઋષિ પંચમી' કહે છે. રજોદર્શન વખતે સ્ત્રીઓથી કંઈ આભડછેટના દોષ થયા હોય તો તે દોષથી મુક્તિ મેળવવા આ વ્રત કરાય છે. આ દિવસે સાત ઋષિ - મહર્ષિ કશ્યપ, અત્રિ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વશિષ્ઠ ઋષિઓને યાદ કરવામાં આવે છે. (સંકલન)


## દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

**જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.**

**મો. – ૯૫૯૪૩૨૬૨૦૨**

|| જય શ્રી કૃષ્ણ ||

રાધે રાધે



સ્વર ને સંગીતનો અનેરો સંગમ

**શુભારંભ**

સંગીત ગ્રુપ

દાંડિયા, લગ્નગીત, સંગીતસંધ્યા
બર્થડે-પાર્ટી, એનિવર્સરી, જુનાગીતો
ટ્રેક શો, ભજનસંધ્યા, પ્રાર્થના સભા

સંગીતકાર :- રણજીતભાઈ ભરતભાઈ ડોસા
9821172223 / 9221318333
No Network Pls Call On Whatsaap

SHAH & SHAH ENTERPRISE

1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai - 400002.

022 - 2201 7283 info@shahent.co.in www.shahent.co.in

+91-98198 17568 / 98670 13920 Lohar Chawl Talk Free Extension - *743

Authorized Stockists:

MERSEN

Expertise, our source of energy



Solar PV Fuse | Time Delay Fuse | Midget Fast-Acting Fuse | UltraSafe™ FuseHolder



Protistor fuse (all sizes) | BS Semiconductor fuse | Semiconductor | SPDs

D-Link®

Building Networks for People



# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## અનુકરણીય દાન

### સખાવતી દાતાશ્રી તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

૧. દીનકરલાલ કોદરલાલ પરીખ (કોદર ઝવેર) હ.ઉર્વશીબેન રૂા. ૧,૦૦,૦૦૦/-

૨. એક સદગૃહસ્થ તરફથી રૂા. ૭૫,૦૦૦/-

૩. એક અનામી સખાવતી દાતા તરફથી રૂા. ૫,૦૦૦/-


સંસ્થાની કારોબારી સમિતીના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતી અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**માનદ્ મંત્રીઓ** — **શ્રી અનિશ ગાંધી/શ્રી સમીર શાહ/શ્રી સમીર ધારીઆ**

**પ્રમુખ** — **શ્રી કિરીટભાઈ આર. ધારીઆ**

## શ્રી ગુણવંત શાહના આ ઉત્તમ વિચારો ને સમજો

- ભારતમાં દર ૫ હજારે એક બાવો અને એક અભણ નેતા છે.
- મારો મુંબઈમાં ૧૩મે માળે ફ્લેટ છે. મેં ખાસ અપશુકનિયાળ ૧૩ નો આગ્રહ રાખેલો. હજી સુખે થી રહું છું.
- મારી દિકરીએ જાણી જોઈને કમૂરતામાં લગ્ન કરેલાં.
- ચમત્કારમાં મને લગીરે શ્રદ્ધા નથી પણ હું સમગ્ર સર્જનને વિરાટ ચમત્કાર માનું છું.
- થોડા વર્ષો પહેલાં કોઈએ ૧૦ કરોડ રૂપિયાનો મુગટ તિરૂપતીના વેંકટેશ્વર મંદિરને ભેટ આપ્યો. ત્યારે મે લખેલું કે, એ પૈસા આંધ્રપ્રદેશમાં શૌચાલયો બનાવવા માટે વાપરવા જોઈએ.
- શ્રદ્ધાળુઓને કહેવાનું છે કે તમે મંદિર જાઓ ત્યારે ઈશ્વરને એક સવાલ જરૂર પૂછજો, 'પ્રભુ, તમને કઈ વાતમાં આ દુનિયાનું કલ્યાણ દેખાય છે ?લોકો દિનરાત તારા ચરણોમાં મંજીરા વગાડતા રહે તેમાં કે સતત પુરુષાર્થ કરી દેશના વિકાસ માટે પ્રયત્નશીલ રહે તેમાં.... ?
- જો હું ભગવાન હોઉં તો મર્યા બાદ મારી પાસે આવનારને એમ નહીં પૂછું કે, તમે રોજ કેટલી માળા કરતા ? કેટલીવાર મંદિર જતા ? હું તેમને પૂછીશ, તમે કેટલા દુઃખીઓના આંસુ લૂછયા ? કેટલા ડૂબતાને તાર્યા ? કેટલા પીડિતોની વહારે ધાયા ? માનવતાનો પાસપોર્ટ અને સદ્કર્મોના સર્ટીફિકેટ વિના હું સ્વર્ગનો 'વિઝા' કોઈ મોટા સંતને પણ નહીં આપું.
- આજ પર્યત એકેય સંત એવો પેદા નથી થયો જે પોતાના હજાર અનુયાયીઓ સમક્ષ એમ કહીને છૂટી પડયો હોય કે 'આ અનંત સૃષ્ટિમાં હું ય તમારા જેવો સાધારણ મનુષ્ય છું. મારામાં કોઈ દૈવી શક્તિ નથી. મારા ચરણ સ્પર્શ કરશો નહીં. મારી આરતી ઉતારી મને શરમમાં નાખશો નહીં, મારી શોભાયાત્રા કાઢી મારી વર્ષગાંઠ ઉજવશો નહીં, મારો ફોટો તમારા ઘરના મંદિરમાં મૂકી ભગવાનનું અપમાન કરશો નહીં!'
- અમુક કહેવાતા સંતો જ્યારે લોકોના ખભેથી ફેંકાઈને સીધા જેલની કોટડીમાં જઈ પડયા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે આપણે ભગવાનના ખભે બંદૂક મૂકી ઈન્સાનોને નિશાન બનાવી મૂરખ બનાવી ખોટું કરતાં હતાં.
- ભારતમાં સૌથી મોટો બિઝનેસ છે ધર્મ, બીજો રાજનીતિ અને ત્રીજો છે દલાલી. મહત્વની વાત એ છે કે આ ત્રણેય બિઝનેસ સફેદ કપડાંમાં ચાલતા ટેક્સ-ફ્રી પણ છે.


PRABHAT CABLES PVT. LTD.
Corporate Office : 33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002,
Maharashtra, India. • Tel. : +91 22 4922 4200 / 2208 5153
Email : prabhatcables@gmail.com / info@prabhatcables.com
Website : www.prabhatcables.com
Auth. Distributor
POLYCAB
IDEAS. CONNECTED.
Eco Friendly
Safe
Energy Saving
Cables and Wires
• Power Cables (HT & LT)
• Control Cables
• Instrumentation Cables
• Optical Fibre Cables (OFC)
• Solar Cables
• Building Wires (Project & House Wires)
• Flexible Cables
• Welding Cables
• Rubber Cables
• Other Special Cables
PAN INDIA BRANCHES
HEAD OFFICE MUMBAI
RAIPUR
ODISHA
KALABURGI
HUBLI
BANGALORE
SCAN BELOW QR CODE FOR LIST PRICE

## જાણો મંદિર પર ધજા શા માટે ફરકાવવામાં આવે છે : અને તેનું મહત્વ

- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)

વિવિધ મંદિરો દેવાસ્થાનોમાં ધજા શા માટે ફરકે છે ? એવો સવાલ આપણને ક્યારેક તો જરૂર થયો જ હશે ! ધજાનું આધ્યાત્મિક મહત્વ અનેરું છે. ફરકતી ધજા મંદિર માટે અગત્યની છે. ધજા મંદિરના શિખર પર એક દંડમાં ફરકતી રહે છે. વરસાદ હોય કે પવન, પણ તે ફરવાનું ભૂલતી નથી. આપણે જુદાં જુદાં મંદિરોમાં જુદાં જુદાં રંગની ધજાઓના દર્શન કરીએ છીએ. ધજા બનાવવા માટે સાટિન અથવા રેશમનું કાપડ વપરાય છે. જેને સજાવવા માટે તૂઈ કે જરીનો ઉપયોગ થાય છે.

**મંદિર ઉપર ધજા શા માટે ?**

એનો જવાબ મંદિર નિર્માણ શાસ્ત્રમાં સોમપુરાઓએ લખ્યો છે કે, મંદિર એ દેવ શરીર સ્વરૂપ છે, એના પાયા એ પગ છે, એના પિલર ઘૂંટણ છે, ગર્ભગૃહ એનું હૃદય છે અને તેમાં પ્રગટી રહેલો દીવો આત્માનું પ્રતીક છે. જ્યારે શિખર એ મસ્તક છે અને તેના ઉપર ફરકતી ધજા એ કેશ સ્વરૂપે ફરકે છે તેવું વર્ણન છે. બ્રહ્માડમાંથી દેવી શક્તિને તથા સકારાત્મક તરંગોને મંદિરમાં બોલાવવા માટે ધજા એ રડાર જેવું કામ કરે છે. દ્વારકાધીશના મંદિરમાં ચડતી બાવનગજની ધજા ચઢાવનાર ભક્તને બાવન સંયોગો તથા લાભની પ્રાપ્તિ થાય છે. આ ધજાને મસ્તકે ચડાવવાથી ચિંતા મુક્તિનો અનુભવ થાય છે. બાવન ગજની ધજાનો અર્થ આ પ્રમાણે છે, ૪ દિશા, ૧૨ રાશિ, ૯ ગ્રહો, ૨૭ નક્ષત્રોનો સરવાળો ૫૨ થાય છે. જેથી એવું કહેવાય છે કે, કોઈપણ મંદિરના દર્શને જઈએ ત્યારે ધજાના દર્શન અવશ્યથી કરવા જોઈએ. ધજાના મનોરથથી ભક્તના મનમાં કાયમી અલૌકિક મીઠી યાદ રહે છે. ધજા માનવ જીવનને ધન્ય બનાવે છે.

**મંદિરમાં શા માટે બુટ મોજા, ચપ્પલ બહાર ઉતારવા ?**

મંદિરમાં ઉઘાડા પગે પ્રવેશવું પડે છે. આ નિયમ વિશ્વના દરેક હિન્દુ મંદિરોમાં છે. તેની પાછળનું વૈજ્ઞાનિક કારણ એ છે કે મંદિરના માળનું નિર્માણ પ્રાચીન કાળથી જ એવી રીતે કરવામાં આવ્યું છે કે તે વિદ્યુત અને ચુંબકીય તરંગોનો સૌથી મોટો સ્ત્રોત છે. જ્યારે વ્યક્તિ આના પર ઉઘાડા પગે ચાલે છે, ત્યારે મહત્તમ ઉર્જા પગ દ્વારા શરીરમાં પ્રવેશે છે.

**દીવો પ્રગટાવવાનું વૈજ્ઞાનિક કારણ**

આરતી પછી બધા લોકો તેમના હાથ દીવા અથવા કપૂર પર રાખે છે અને પછી તેને માથા પર લગાવે છે અને આંખોને સ્પર્શ કરે છે. આમ કરવાથી હળવા ગરમ


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**ઘરનું સરનામું**

: ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

હાથથી દિવ્ય દૃષ્ટિની ભાવના સક્રિય થાય છે અને વ્યક્તિને સારું લાગે છે.

### મંદિરમાં ઘંટ વગાડવાનું કારણ


જ્યારે પણ કોઈ વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરે છે, ત્યારે દરવાજા પર ઘંટ વગાડવામાં આવે છે. મુખ્ય મંદિરમાં પ્રવેશ કરતી વખતે ઘંટ વગાડવો પડે છે (જ્યાં ભગવાનની મૂર્તિ પણ સ્થિત છે) તેની પાછળનું કારણ એ છે કે તેમાંથી નીકળતો અવાજ સાત સેકન્ડ સુધી ગુંજતો રહે છે જે શરીરના સાત હીલિંગ કેન્દ્રોને સક્રિય અને કુંડલિનિ શક્તિ જાગૃત કરે છે.

### મંદિરમાં ભગવાનની મૂર્તિ

મંદિરમાં ભગવાનની મૂર્તિ ગર્ભગૃહની મધ્યમાં મૂકવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ સ્થાન પર સૌથી વધુ ઉર્જા હોય છે. જ્યાં સકારાત્મક ઉર્જા શરીરમાં પહોંચે છે અને સકારાત્મક વિચાર સાથે ઉભા રહેવા પર નકારાત્મકતા દૂર ભાગી જાય છે.

### પરિક્રમા કરવા પાછળનું વૈજ્ઞાનિક કારણ


દરેક મુખ્ય મંદિરમાં દર્શન કર્યા પછી જ્યારે મંદિરમાં પરિક્રમા કરવામાં આવે છે, ત્યારે તમામ સકારાત્મક ઉર્જા શરીરમાં પ્રવેશ કરે છે અને મનને શાંતિ મળે છે. પરિક્રમા સાથે જોડાયેલી ખાસ વાતો : સૂર્યદેવની સાત, ભગવાન ગણેશની ચાર, ભગવાન વિષ્ણુની ચાર અને તેમના તમામ અવતારની ચાર પરિક્રમા કરવી. દેવી દુર્ગાની ત્રણ, હનુમાનનજી અને શિવની અડધી પરિક્રમાનો નિયમ છે. શિવની અડધી પરિક્રમા કરવામાં આવે છે, આ સંબંધમાં એવું માનવામાં આવે છે કે સાંકેતિક ગૌમુખ એટલે કે જળ ધારા જ્યાંથી વહેતી હોય ત્યાંથી ઓળંગીને આગળ પાર ન કરવું જોઈએ. (સંકલન)

Dent Villa
The Complete Family Dental Care

Dr. Shikha Dharia
BDS

**Treatments we offer :**
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary



To avail a free consultation and 15% Discount on all your treatment
Call us on :
8779558970
8879088330
dr.shikhadharia@gmail.com

Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

# ચૂડી નહીં યે મેરા દિલ હૈ દેખો...દેખો...ટૂટેના....!!

- નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

દુનિયાના બધા જ દેશોમાં ચૂડી, કંગન, કડા, રાઉન્ડ બ્રેસલેટ એટલે એક્સેસરી તરીકે અગ્ર સ્થાને હોય છે. ભારતમાં તો સોળ શણગારમાંથી એક બંગડી, કડા માત્ર જ્વેલરીનો એક ભાગ નથી, પરંતુ સૌભાગ્યની નિશાની પણ માનવામાં આવે છે. પોતાના આઉટફીટ અને લુકને કોમ્પ્લિમેન્ટ કરતી બેંગલ્સ પહેરવાનું ભારતીય મહિલાઓને ગમે છે. સાડી હોય કે સલવાર એની સાથે બંગડી પહેરવાનું એને ગમે છે. મોડર્ન યુવતીઓ તો વેસ્ટર્ન આઉટફિટ સાથે પણ બંગડી પહેરે છે. ભારતીય મહિલાઓની ખૂબસૂરતી હાથમાં રણકતી બંગડીઓ વિના અધૂરી છે.

બેંગલ શબ્દ હિન્દી શબ્દ 'બંગરી' પરથી આવ્યો છે. સંસ્કૃતમાં એનો અર્થ થાય છે હાથને શોભાવતું ઘરેણું. પરણિત મહિલાઓ અને દુલ્હન ખાસ કરીને સોના, કાચ અને લાખની બંગડીઓ પહેરે છે. ભારતીય સંસ્કૃતિમાં બંગડીઓના જુદા જુદા કલરનું પણ અલગ અલગ મહત્વ છે. લાલ સમૃદ્ધિ અને ઉર્જા. જ્યારે પીળો ખુશી આપે છે. લીલો ફળદ્રુપતા અને સદનસીબ, સફેદ નવી શરૂઆત માટે, કેસરી સફળતાની નિશાની છે. સોનાની બગંડીઓ સમૃદ્ધિ અને નસીબનું પ્રતીક છે. જ્યારે રૂપેરી બંગડી શક્તિ સ્વરૂપ મનાય છે.

પરપંરા કે કયા કારણથી ભારતીય સ્ત્રીઓ બંગડી પહેરે છે ? સંસ્કૃતિ પ્રમાણે શું છે મહત્વ ?

ભારતીય સ્ત્રીઓને તમે કોઈપણ દેશમાં જુઓ ઓળખી જ જશો, કારણ કે ભારતીય સ્ત્રીઓનો શણગાર જ તેમને અન્ય દેશોની સ્ત્રીઓ કરતા જુદી પાડે છે. શણગાર તો ભારતીય સ્ત્રીઓની ઓળખ છે.

પરણેલી સ્ત્રીઓ માટે બંગડીઓ પહેરવું અનિવાર્ય છે. કાચ, સોનુ કે અન્ય ધાતુની બંગડીઓ ભારતીય સ્ત્રીઓ પહેરે છે, મહિલાઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે બંગડી પહેરે છે. તેમજ બંગડીનું ટૂટવું અશુભ માનવામાં આવે છે.

દરેક જગ્યાએ બંગડી પહેરવાની પરંપરા અલગ અલગ છે, પરંતુ બંગડીનો એક જ અર્થ થાય છે, કે તેનાથી સ્નેહ વધે છે, તેથી બંગડી ટૂટવી અશુભ મનાય છે.

દક્ષિણ ભારતમાં સોનાને ખુબ જ શુભ માનવામાં આવે છે. કેટલાક લોકો તો કન્યાને સોનાની બંગડી સાથે લીલા કાચની બંગડી પણ પહેરાવે છે. લીલો રંગ સમૃદ્ધિનું પ્રતિક છે, માટે ત્યાં આ પ્રકારે બંગડી પહેરવામાં આવે છે.

બંગાળી કન્યાને લગ્નમાં છીપલામાંથી બનેલી કોરલ રંગની બંગડી પહેરાવવામાં આવે છે. સ્થાનિક લોકો તેને શાખા અને પોલા કહે છે. કન્યા જ્યારે સાસરીમાં જાય છે ત્યારે તેને સાસ લોખંડની બંગડીઓ આપે છે, જેના પર સોનાનો ઢાળ ચઢાવેલો હોય છે.

ગુજરાતી તથા રાજસ્થાની આ બંને જગ્યાએ લગ્નમાં કન્યાને હાથી દાંતમાંથી બનેલ ચૂડલા પહેરાવવામાં આવે છે. ગુજરાતી લગ્નમાં મામેરાનો રિવાજ હોય છે માટે મામા છોકરીને લાલ બોર્ડરવાળી પાનેતરની સાથે ચૂડો આપે છે.

મહારાષ્ટ્રમાં બંગડી પહેરવાની પ્રથા થોડી જુદી છે. કન્યા પોતાના હાથમાં લીલા રંગની કાચની બંગડીઓ પહેરે છે. લીલો રંગ રચનાત્મક, નવા જીવન તથા પ્રજનન ક્ષમતાનું પ્રતિક છે.

ભારતીય પરિણીત મહિલાઓમાં બંગડીઓ પહેરવાની પરંપરા છે. સદીઓથી ચાલતી આવતી આ પરંપરા ભારતીય મહિલાઓના શોળ શણગારમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

YEARS OF EXCELLENCE ESTD.: 1950 DIAMOND JUBILEE

સામાન્ય રીતે બજારમાં ચૂડા, ક્લીરે, બેંગલ્સ, મેટલ બેંગલ્સ, કાચની, મોતી, થ્રેડ લાખ, હીરા, સોના, એમ્બ્રોઈડર્ડ બંગડીઓ અને કડાની અસંખ્ય વેરાયટી મળે છે. કેટલીક સ્ત્રીઓ પરંપરા જાળવવા માટે પરંપરાગત બંગડીઓ પહેરે છે, તો કેટલીક યુવતીઓ અને સ્ત્રીઓ સ્ટાઈલ વેરિએશન માટે બંગડીઓ પહેરે છે. અહીં એ જણાવવા પ્રયત્ન કર્યો છે કે કયા આઉટફિટ્સ સાથે સાથે બંગડીઓ કઈ રીતે પહેરશો ?

લહેંગા એલિગન્ટ ભારતીય પોશાક છે. તમે એની સાથી મેટલ અથવા ડાયમંડની બંગડીઓ પહેરી શકો જે વધારે આકર્ષક લાગે છે. જો તમારો લહેંગો, શરારા કે ચણિયાચોળી ટ્રેડિશનલ હોય તો સોના અથવા લાખની બંગડી પણ એની સાથે સારી લાગશે.

દરેક મહિલા નવોઢાના રૂપમાં સુંદર જ લાગે છે. આ સ્વરૂપને વધુ સુંદર બનાવવા માટે યોગ્ય એક્સેસરીઝ પસંદ કરવામાં પણ ઘણો સમય જાય છે અને ખૂબ મહેનત પણ કરવી પડે છે. બંગડી ખરીદતાં પહેલાં તમારે હંમેશા બ્રાઈડલ વેરની ડિઝાઈન, સ્ટાઈલ. એમ્બ્રોઈડરી અને કલર ધ્યાનમાં રાખવા જોઈએ. દરેક બ્રાઈડલ વેર સાથે ચૂડો અને ક્લીરે સારા લાગે છે.

ઈન્ડો વેસ્ટર્ન ગાઉન સાથે ટિપિકલ ટ્રેડિશનલને બદલે ફેન્સી બંગડી પહેરો. તમે એની સાથે થ્રેડ બેંગલ્સ પહેરી શકો. એ હમણાં ટ્રેન્ડીએસ્ટ એક્સેસરી છે.

અનારકલી ટ્રેડિશનલ ડ્રેસ છે અને મોટાભાગની મહિલાઓની એ પહેલી પસંદ છે. તમે એની સાથે મોતીની કે મેટલની બંગડીઓ પહેરી શકો.

વેસ્ટર્ન સ્કર્ટ સાથે બહુ બંગડીઓ સારી નહીં લાગે તેથી સોનાનું કડું કે હીરાની બંગડી તેની સાથે પહેરો. લાકડા, વાંસ, શણનું કડું પણ તેની સાથે પહેરી શકાય.

જેકેટ કોઈપણ આઉટફીટનું સેન્ટર ઓફ એટ્રેકશન

**20 % DISCOUNT**

**DR. SPINA MEHTA CHOKSI**

# THE DENTAL BAY

*For a Lifetime of Smiles*

**Our services :**

- **Implant**
- **Smile Designing / Cosmetic Dentistry**
- **Child Dental Care**
- **Wisdom Tooth Extraction**
- **Root Canal Treatment**
- **Teeth Whitening**
- **Orthodontic Braces - Invisalign**
- **Full Mouth Rehabilitation**

**Number : 9819611045 / 9833250129**

***Shifted To***

102, First Floor, Doctor Centre, Above Litolier Floorings, Kempscorner, Mumbai - 400036

હોય છે. એટલે એની સાથે બંગડીઓ પહેરવી ન જોઈએ. લુક મેઈન્ટેન કરવા માટે સાથે સિંગલ કડું પહેરો.

સાડી શ્રેષ્ઠ ભારતીય પોશાક છે. એમાં તમે વધારે પ્રયત્નો કર્યા વિના સુંદર અને આકર્ષક દેખાઈ શકો છો. મહત્વના પ્રસંગોએ એની સાથે કાચની બંગડીઓ અને તહેવાર કે લગ્ન પ્રસંગે હીરાની બંગડીઓ પહેરી શકાય.

પાર્ટીઝ, લગ્ન પ્રસંગ અને અન્ય ઉજવણીમાં સલવાર સૂટ કમ્ફેબલ આઉટફિટ છે. સિમ્પલ કડા, હાથી દાંતના કડા, સોના અથવા હીરાની બંગડીઓ તેની સાથે પહેરી શકાય. એ સિમ્પલ અને એલિગન્ટ લૂક આપશે.

સ્કર્ટ અને ક્રોપ ટોપ ઈન્ડો-વેસ્ટર્ન આઉટફિટ છે. એની સાથે મોતી અથવા થ્રેડ બેંગલ્સ પહેરવાથી લુક નિખરશે.

તમે કલરફૂલ કપડાં પહેરતાં હો ત્યારે સાથે ફેન્સી, મેચિંગ, કલરફુલ બંગડી પહેરો. તમે જે આઉટફિટ પહેરતાં હો એમાંથી કોઈપણ એક કલરની બંગડી પહેરી શકાય.

જ્યારે તમે ટ્રેડિશનલ લુક મેળવવા ઈચ્છતા હો ત્યારે જેટલી વધારે બંગડી હશે એટલા વધારે તમે સુંદર લાગશો.

જ્યારે તમે વ્હાઈટ પોશાક પહેરતા હો ત્યારે એની સાથે સ્વાભાવિક જ વ્હાઈટ બેંગલ્સ પહેરશો. વ્હાઈટ સાડી સાથે બંને હાથમાં કાચની વ્હાઈટ બંગડી અથવા વ્હાઈટ ફેન્સી થ્રેડ વોવન બેંગલ્સની જોડ પહેરો.

તમે સિલ્ક સાડીમાં એલિગન્ટ લૂક મેળવવા ઈચ્છતાં હોય તો ઘણી બધી બંગડીઓ પહેરશો નહીં. બંને હાથમાં એક એક બંગડી પૂરતી છે. જ્યારે બંગડીની સંખ્યા ઓછી હોય ત્યારે તમે હેવી નેક પીસીસ અને ઈઅરીંગ્સ પહેરી શકો. ઘણીવાર એક બંગડી પૂરતી ન હોય તો તમે એક હાથમાં બે મોટી બંગડી અને બીજા હાથમાં ઘડિયાળ પહેરી શકો.

પ્લેન કુરતી અને ટ્યુનિક્સ સાથે સિલ્વર બેંગલ્સ સારી લાગે છે. (સંકલન)


## શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)

**SANKALP ASTROLOGIST CONSULTANT**
**JYOTIRVID (MUMBAI)**

**જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ**
**(મૂડેતી - અમદાવાદ)**

જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
**મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**
**Email : bhattgopal59@gmail.com**

**MENTCO**
Experience - Reliability - Value
**MENTCO MANUFACTURING PVT.LTD**
(AS9100:2016 D & ISO 9001:2015)
We are a contract manufacturer, importer, and distributor with a specialization in –




We are known for our
High-Quality Manufacturing,
Responsive Customer Service,
Skilled Professionals, and Timely Delivery.

We serve industry like – Oil & Gas,
Semiconductor, Aerospace/ Aviation etc.

Mentco Manufacturing Private Limited
Apple Industrial HUB, Phase 2, Survey No 215/216, Plot No 7,
Palghar Maharashtra, India.

Phone Nos.: +91-9989819633
E-mail: sales@mentcomanufacturing.com / saurabh.mehta@mentco.com

## ખૂબ જ અદ્ભુત છે, વાંચવાની મજા આવશે

**રામ નામ બે અક્ષર અને કામ, ક્રોધ, લોભ, મોહ અને માયા ના પણ બે અક્ષર.**

તમારો અને મારો જન્મ થાય ત્યારે શરીરને તન કહેવાય. **તન** ના બે અક્ષર. **માથુ** ના બે અક્ષર, **વાળ** ના બે અક્ષર, **ભાલ** , **નાક** ના બે અક્ષર, **મૂછ** ના બે અક્ષર, **હોઠ** ના બે અક્ષર, **દાઢી** ના બે અક્ષર, **જીભ** ના બે અક્ષર, **દાંત** ના બે અક્ષર, **આંખ** ના બે અક્ષર, **ગાલ** ના બે અક્ષર, કાન ના બે અક્ષર, કાનની **બુટ** ના બે અક્ષર, **ગળા** ના બે અક્ષર, **બોચી** ના બે અક્ષર, **ખભા** ના બે અક્ષર, **હાથ** ના બે અક્ષર, હાથની **રેખા** ના બે અક્ષર, **કોણી** ના બે અક્ષર, **કાંડા** ના બે અક્ષર, **છાતી** ના બે અક્ષર, **કેડ** ના બે અક્ષર, **પેટ** ના બે અક્ષર, **નાભી** ના બે અક્ષર, **જાંધ** ના બે અક્ષર, **પગ** ના બે અક્ષર, **પંજા** ના બે અક્ષર, **એડી** ના બે અક્ષર,, **નખ** ના બે અક્ષર, **થાપા** ના બે અક્ષર અને તમારું અને મારું આયુષ્ય પુરું થઈ જાય ને જે પ્રાણ નીકળે **પ્રાણ** પણ બે અક્ષર અને એ **શબ**ના પણ બે અક્ષર, અને એ શબ ચાર જણા ઉંચકે એને ડાઘુ કહેવાય એ **ડાઘુ** ના બે અક્ષર. આખી જિંદગી રામ નામ નહી બોલ્યા હોયતો પણ છેલ્લે ઉચક્યા પછી ડાઘુઓ બોલશે રામ બોલો ભાઈ રામ એ **રામ** ના બે અક્ષર. સ્મશાન યાત્રાની દોણી લઈને ચાલે એ **દોણી** ના બે અક્ષર, સ્મશાનમાં જે ચીતા હોય એ **ચીતા** ના બે અક્ષર અને અગ્નિ આપે અને શરીર સળગી જાય અને રાખ બને એ **રાખ** ના બે અક્ષર અને ટાઢી વાળે એ **ટાઢી** ના બે અક્ષર અને ચીતામાંથી હાડકા લે એને હાડકા નહી પણ ફુલ કહેવાય એ **ફુલ** ના બે અક્ષર અને એ ફુલ જે કુંભમાં રાખીએ એ **કુંભ** ના બે અક્ષર, એ કુંભ જે ગંગામાં પધરાવવામાં આવે એ **ગંગા** ના બે અક્ષર અને છેલ્લે મોક્ષ મળે એ **મોક્ષ** ના બે અક્ષર માટે કામ, ક્રોધ, લોભ, મોહ અને માયાને ત્યાગી સત્યનો માર્ગ અપનાવવો અને રામ નામ બોલો.




NIRAV
Photo Arts
• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND
Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776
304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com


## Joint Family

**- નિપુર્ણા હિતેષ દોશી**

એક પાંદડું જીદે ચડયું, થયું નિજ પરિવારથી જુદું
ઝાડથી છૂટું પડીને એ પાંદડું, ખૂબ હરખાય છે.
હાશ ! છૂટયા હવે આ ભીડથી, મનથી એ મલકાય છે.
વાયુ સાથે વહેતું વહેતું, આમ તેમ લહેરાય છે.
સૃષ્ટિ બહારની ખૂબ સુંદર છે ! એને એવું મનમાં થાય છે.
ઝાડ પર રહ્યાં ચિપકીને, ત્યાં આમ ક્યાં રખડાય છે.
ત્યાં તો બસ બીજાઓ, મારી સાથે રોજ અથડાય છે.
અહીં તો વાયુ સાથે, મજેથી ઉડીને જવાય છે.
ને ઝરણાની સાથે ખળખળ, ગીતોમજાના ગવાય છે.
પાણી સાથે ઉછળતાં ને કૂદતાં એ મલકાય છે.
પણ સુખ ક્ષણભંગૂર છે, એ એના ક્યાં સમજાય છે.
ઝરણામાંથી વહેતું જ્યારે, કિનારે પહોંચી જાય છે.
જાનવરોનાં ખર નીચે, જ્યારે ખૂબ રગદોળાય છે.
પીડાથી કણસતું એ હવે ખૂબ પસ્તાય છે.
ઝાડ સાથે જોડાયેલા હોવાનું, મૂલ્ય એને સમજાય છે.
આઝાદી વહાલી લાગે, પણ મોંઘી સાબિત થાય છે.
સંયુક્ત પરિવાર બંધન નહિં,
પણ જીનનનો સાચો પર્યાય છે.

**Join Family is Best for Life**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જુન-૨૦૨૪ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી મણીબેન મણીલાલ ધારીઆ | ડીસ્પેન્સીંગ વિભાગ | ૨૨૯૮ |
| ૨. | શ્રી શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) | સર્જીકલ વિભાગ - તેમજ સર્જીકલ ડ્રેસીંગ | ૨૪૪ |
| ૩. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) | ગાયનેક વિભાગ | ૭૧૧ |
| ૪. | શ્રીમતી લીલાબેન કીર્તનલાલ દોશી | નેત્ર વિભાગ | ૧૪૧૩ |
| ૫. | શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) | મનોચિકિત્સા વિભાગ | ૯૮ |
| ૬. | શ્રી મોજીલાલ છોટાલાલ ધારીઆ | ફિઝિયોથેરાપી વિભાગ | ૪૩૫ |
| ૭. | શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ | એક્સરે વિભાગ | ૩૧૧ |
| ૮. | શ્રી મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ | સોનોગ્રાફી વિભાગ | ૨૯૨ |
| ૯. | શ્રી પુનમચંદ ચંદુલાલ શાહ (કડકીઆ) | ઈમરજન્સી વિભાગ | ૯૭ |
| ૧૦. | શ્રી ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ | પેથોલોજી વિભાગ | ૪૧૯૪ |

તેમજ સર્જનના ૦૨ મેજર ઓપરેશન તથા ૦૪ માઈનોર ઓપરેશન અને ગાયનેકના મેજર ઓપરેશન ૩૨ તથા ૫ માઈનોર ઓપરેશન તથા ઈ.એન.ટી.ના ૨૬ માઈનોર ઓપરેશન તેમજ આંખના ૮૪ મેજર ઓપરેશન કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૮૨૮૧૪૨/- તેમજ ઈનડોરમાં રૂા. ૩૯૦૯૫/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સીજન વિગેરેમાં) રૂા. ૬૧૬૫૫/- ની માફી મળીનું કુલ રૂા. ૯૨૮૮૯૨/- ની માફી કરવામાં આવેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૨૧-૦૬૨૦૨૪ ના રોજ ૪૬ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ :** તા. ૦૬-૦૬-૨૦૨૪ ના રોજ ૨૩ દર્દીઓના તથા તા. ૧૩-૦૬-૨૦૨૪ ના રોજ ૨૮ દર્દીઓના તેમજ તા. ૨૦-૦૬-૨૦૨૪ના રોજ ૧૬ દર્દીઓના તેમજ તા. ૨૭-૦૬-૨૦૨૪ ના રોજ ૩૭ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ. આમ કુલ ૧૦૪ ઈકો રાહત દરે કરવામાં આવેલ છે.

## કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશિયાલીટી સેન્ટર (કુણીવાલા કેમ્પસમાં) માં માહે જુન ૨૦૨૪ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી લીલાબેન અને ડૉ. બાબુલાલ સાંકરલાલ દેસાઈ | ફિજીશીયન વિભાગ | ૧૧૧૨ |
| ૨. | શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | ઈ.એન.ટી. વિભાગ | ૧૨૧ |
| ૩. | શ્રી શશીકાંતભાઈ સાંકરલાલ શાહ (નાણાવટી) | ઓર્થોપેડીક વિભાગ | ૩૯૯ |
| ૪. | શ્રી રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | ૧૪૬ |
| ૫. | શ્રીમતી પ્રવિણાબેન દિલીપકુમાર ધારીઆ | દંત વિભાગ | ૬૮ |
| ૬. | શ્રીમતી કોકીલાબેન શિરીશભાઈ મોદી | કેજ્યુલ્ટી વિભાગ | ૯૯ |

તથા ગેસ્ટ્રોલોજી વિભાગના ૦૮ મળી કુલ ૧૯૫૩ દર્દીઓએ તથા ઈનડોરમાં ૯૫ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં

૪૨૨ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૦૧૩ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૫૪ દર્દીઓએ લાભ લીધેલ છે. તેમજ ૧૯૫ ઈ.સી.જી. કાઢવામાં આવેલ છે. તેમજ દવાની કુલ રૂા. ૮,૫૪૪/- ની માફી કરવામાં આવેલ છે. ડાયાલિસિસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૨૯ દર્દીઓએ લાભ લીધેલ છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

૧. શ્રી કલ્પેશ રસીકલાલ પરીખ (આજીવન સભ્ય ફી) રૂા. ૫,૦૦૦/-

**નોંધ :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટના આજીવન સભ્યો, ટ્રસ્ટીઓ, દાતા ટ્રસ્ટીઓના સરનામા તેમજ મોબાઈલ નંબર બદલાયા હોય તો મહેરબાની કરીને નીચે દર્શાવેલા હોદ્દેદારોના ઈમેલ આઈડી ઉપર તથા મો.નં. ઉપર જાણ કરવા વિનંતી.

નર્સિંગ કોલેજના મકાનનું બાંધકામ ચાલુ થઈ ગયેલ છે. નર્સિંગ કોલેજના બાંધકામ માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો દાતાશ્રીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ છે. આજ સુધી રૂપિયા ૦૪ (ચાર) કરોડનું દાન મળેલ છે અને હજુ વધુ રૂપિયા ૦૩ (ત્રણ) કરોડના દાનની જરૂરિયાત છે. સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા અને ઉદાર હાથે દાન આપવા વિનંતી.

સ્કીમો અંગે શ્રી વ્રજેશભાઈ દેસાઈ (ભંડોળ સમિતીના અધ્યક્ષ) (૯૮૨૦૦૩૯૩૦૪) તેમજ આ અંગે અપીલમાં નીચે જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી નીતિન પરીખ (ઉપપ્રમુખશ્રી)** - ૯૮૨૧૦૩૯૦૮૭ - Email : nitinkmg@gmail.com
**શ્રી પરેશ પરીખ (માનદ્ મંત્રીશ્રી)** - ૯૮૨૧૦૨૪૩૯૯ - Email : pparikh58@gmail.com
**શ્રી જતીન દેસાઈ (માનદ્ મંત્રીશ્રી)** - ૯૮૨૦૦૪૯૧૩૪ - Email :sujatient@gmail.com
**શ્રી યોમેશભાઈ શાહ (ખજાનચી)** - ૯૩૨૨૨૪૫૧૪૩ - Email :yomesh2611@gmail.com

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજના**માં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ – માનદ્ મંત્રીશ્રીઓ**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **શ્રી દિપક બી. પરીખ**
  ફ્લેટ નંબર-૬૦૨, શ્રી દત્ત દિગ્મબર,
  આર.સી. પટેલ રોડ, પંડયા હોસ્પિટલની બાજુની ગલી,
  બોરીવલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૯૨
  (મો) - ૯૮૧૯૩૨૧૯૪૪

## મૃત્યુ નોંધ

- ઉષાબેન નવનીતલાલ ધારીઆ ૮૭
- શૈલેષ મણીલાલ ગાંધી (હરજીવન) ૭૩
- જીતેન્દ્ર ચીમનલાલ કડકીઆ (ફફા) ૭૫
- અસિતકુમાર નટવરલાલ શાહ ૮૧
- નિશાબેન (દમી) નીલરત્ન પરીખ (રોકડીયા) ૭૪
- અશ્વિન મોહનલાલ પરીખ (બંગાળી) ....
- સુભદ્રા પ્રભાકર શાહ (નાસિકવાળા) ૮૮

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## તેજસ્વી તારલા



**આયુષી આલોક મહેતા** ICSE બોર્ડના દસમાં ધોરણમાં ૯૯% માર્ક્સ, ટોટલ ૫૦૦ માંથી ૪૯૫ માર્ક્સ મેળવીને ગ્રાન્ટ રોડમાં આવેલી ક્વીન મેરી સ્કૂલમાં પ્રથમ નંબરે આવ્યા છે.

સંસ્થા વતી તેને હાર્દિક અભિનંદન.

## AMRISH KACHARIA

Mobile : +91 9769025153

# PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai-400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Email : sales@prbhatwires.in
Website : www.prabhatwires.in

Authorised Distributors :

**POLYCAB**
IDEAS. CONNECTED.

CABLES & WIRES







- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES

Publishing day 20th of every month

44

JYOTI PUNJ - August - 2024

WPP License No. MR/TECH/WPP-147/South/2024-26
Regd.No.MCS / 050 / 2024-26
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections
BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, ▯ 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES
INTEGRATED ENTERTAINMENT SOLUTIONS
Your Indian Distribution Partner
Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO
ASHLY lumenradio Luminex DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

To,

If not delivered please return to
JYOTI PUNJ
Shree Balasinor Navyuvak Sangh
118/120, Ardeshar Dadi Street, 2nd Floor,
V.P.Road, Mumbai - 400004.

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.